ગાંધીનગર સમાચાર



## લાયોનેસ કલબે ગૌરીવ્રત કરતી બાળાઓને ડ્રાયફ્રુટનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૧૨

હાલમાં ચાલી રહેલી ગૌરી વ્રત અને વ્રત કરતી બાળાઓને લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ડ્રાયફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. કલબે શહેરની સેકટર-૨ અને કુહા પ્રાથમિક શાળાની બાળાઓને વિતરણ કરવામાં આવ્યું હતું. ગૌરી વ્રત કરી પોતાની મનોકામના પૂર્ણ થાય તે માટે બાળાઓ વ્રત કરતી હોય છે ત્યારે શહેરની લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સેકટર-૨ શાળાને દત્તક લેવામાં આવી છે ત્યારે આ શાળાની બાળાઓને લાયોનેસ મીનાબેન ત્રિવેદી, દક્ષાબેન દ્વારા ડ્રાયફ્રુટ બીસ્કીટની વહેંચણી કરવામાં આવી હતી. તેજ કુહાની પ્રાથમિક શાળામાં લાયોનેસ ભાવનાબેન દ્વારા ડ્રાયફ્રુટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાની બાળાઓને રમતો રમાડવામાં આવી હતી. લાયોનેસ પ્રમુખ ચંદાબેન, ડિમ્પલબેન, ભૂતપૂર્વ પ્રમુખો, સભ્યો-શાળાનો શિક્ષક ગણ ઉપસ્થિત રહ્યો હતો.



વનવિભાગ દ્વારા રસ્તાની બાજુમાં સૂકાઈ ગયેલી કે તૂટેલી ડાળીઓ લટકી રહી છે. તેનો નિકાલ કરવામાં કયા કારણોસર વિલંબ થઈ રહ્યો છે તે ખબર નથી, પણ જયારે કોઈ અકસ્માત થશે ત્યારે સજાગ થવાથી શો ફાયદો...? (તસવીર : કશ્યપ નિમાવત)

# સમગ્ર રાજયમાં મોડે મોડે પણ સારા વરસાદની આશા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સહિત રાજયના ઉત્તર અને મધ્યભાગમાં વારંવાર વરસાદ હાથ તાળી આપી રહ્યો છે ત્યારે નગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે તા. ૧૪મી જુલાઈથી તા. ૧૮મી જુલાઈ દરમિયાન વરસાદ થવાની વકી જણાવી છે. હાલમાં તો નગરજનો આકાશભણી મીટ માંડીને વરસાદની રાહ જોઈ રહ્યા છે.

હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના મતે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની રાહ જોવાઈ રહી છે જયારે હાલમાં રાજયના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર ભાગોમાં વરસાદ થયેલ છે. જો કે હજુ સુરેન્દ્રનગર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના બહુધા ભાગોમાં વરસાદના વાવડ નથી. ભૂતળ ઉપરના યોગો ચોમાસા માટે હોય તો ખગોળના યોગો વરસાદ લાવી શકે પરંતુ હવા, પાણી, પવન, ઝાડ, પશુ પક્ષી જીવજંતુઓ, સમુદ્ર, પર્વત તેમજ આકાશમાં સુર્ય-ચંદ્ર વાદળ વગેરેમાં વરસાદ વરસાવી શકે તેવા દાર્શનિક ફેરફારો જણાતા નથી. મહેસાણા, અમદાવાદ તેમજ મધ્ય ગુજરાતના ભાગમાં વરસાદ લાવી શકે તેવું વહન આવતું નથી. જુલાઈની તા. ૬ઠ્ઠીથી ગુજરાતમાં વરસાદના યોગો સર્જાયા હતા પંરતુ તા. ૬ થી ૧૦માં સૌરાષ્ટ્રના ભાગોમાં આ યોગો સારો વરસાદ વરસાવી શકયા જયારે ઉત્તર ગુજરાતમાં વરસાદ નહિ થવાનું કારણ આ વખતે અષાઢી બીજની વિજળી, અષાઢી પાંચમની વિજળી અને સુદ પક્ષમાં થતા વિજળીના લક્ષણો જોવા મળેલ નથી જયારે હીમ ચાદર આકાશમાં બનવી જોઈએ તેના પણ લક્ષણો જણાયા નથી વળી અષાઢ સુદ પુનમનો ચંદ્ર આખી રાત્રી વાદળોમાં રહેવો જોઈએ જે રહે નથી. આવું કોઈ કોઈ વર્ષમાં જ બનતું હોય છે પરંતુ ભેજ વધતા મોડે મોડે પણ વરસાદ થતો હોય છે.

જુલાઈની તા. ૧૪થી બુધ ગ્રહ આદ્રા નક્ષત્રમાં આવતા ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદી સંજોગો ઉભા થાય અને વરસાદી વહન જુલાઈ પછી વધે. તા. ૧૮ સુધીમાં ઘણા ભાગોમાં વરસાદ થવાની વકી રહે કારણ કે ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં જે મિલીભાર હવાનું દબાણ હોવું જોઈએ તેમાં સાનુકૂળતા જણાય છે. વરસાદનો માર્ગ સાતપુડા પર્વતના ભાગો ભરુચના ભાગો, પંચમહાલના ભાગો અને ચોટીલા પર્વતના ભાગોમાંથી થઈને સૌરાષ્ટ્ર તથા અન્ય ભાગો તરફ જવાની વકી રહે છે. આ સ્થિતિમાં જો ઈશાની વીજળી થાય તો અમદાવાદ સહિતના ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ થઈ શકે.

વરસાદી સંજોગો જોતા હજુ બંગાળના ઉપસાગર વહન અને અરબસાગરના વહન વચ્ચે ખાંચો પડતો હોવાથી અને પવન પણ પશ્ચિમ નૈઋત્યનો હોવાથી હજુ રાજયના ભાગોમાં સાર્વત્રિક વરસાદની આશા ન રહે પરંતુ ધીરે ધીરે સાનુકુળતા સર્જાવાની કે વધવાની વકી રહેતા મધ્ય ગુજરાતના અને સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં ઓછો તો કેટલાક ભાગોમાં વધારે વરસાદ રહે.

# રજિસ્ટ્રારની વરણી છેલ્લા ૧૦ વર્ષથી કરાઈ જ નથી

## ગુજરાત યુનિવર્સિટીમાં નવા રજિસ્ટ્રારની નિમણૂંક માટેની કવાયત હાથ ધરાઈ : અધવચ્ચે કાર્યકાળ છોડવાના બનાવ

અમદાવાદ,તા. ૧૩

કોઈપણ યુનિવર્સિટીમાં નીતિવિષયક નિર્ણયો રજિસ્ટ્રાર દ્વારા લેવામાં આવતા હોય છે પરંતુ ગુજરાત યુનિવર્સિટીની કમનસીબી કહો કે સત્તાધીશોની અણઆવડત છેલ્લા ૧૦ વર્ષતી કાયમી રજિસ્ટ્રારની નિમણૂંક જ કરવામાં આવી નથી. કાયમી રજિસ્ટ્રાર તરીકે કોઈ અધિકારીની નિમણૂંક કરવામાં આવે તો પણ તેઓ અધવચ્ચેથી કાર્યભાર છોડી દે છે. જેના કારણે છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રારનું પદ કાર્યવાહી અધિકારી દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે.

ગુજરાત યુનિવર્સિટીમાં ઈન્ચાર્જ રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા સાયન્સ ફેકલ્ટીના પૂર્વ ડીન બળદેવભાઈ પટેલે રાજીનામુ આપી દેતા યુનિવર્સિટીનું કામકાજ ઠપ થઈ ગયું છે. આગામી દિવસોમાં નવા રજિસ્ટ્રારની નિમણૂંક માટેની કવાયત હાથ ધરવામાં આવી છે પરંતુ પુરની અરજીઓ ન આવતા રજિસ્ટ્રારની નિમણૂંક થાય તેવી નહીવત શક્યતા છે. સૂત્રોના જણાવ્યા મુજબ યુનિવર્સિટી દ્વારા નવા રજિસ્ટ્રારની નિમણૂંક માટે જે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમાં ૪૦ જેટલી ઓનલાઈન અરજીઓ આવી છે પરંતુ યુનિવર્સિટીને લેખિતમાં ૮ અરજીઓ મળી છે જે અરજીઓ મલી છે તેમાંથી એક પણ ઉમેદવાર રજિસ્ટ્રાર બનવાને લાયક હોય તેમ લાગે છે. આમ છતાં નિમણૂંક માટે આગામી દિવસોમાં કાર્યવાહી કરવામાં બીજી બાજુ છેલ્લા કેટલાય સમયથી ઈન્ચાર્જ રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા બળદેવ પટેલે રજિસ્ટ્રાર તરીકેનો ચાર્જ છોડી દીધો છે. તેથી જયાં સુધી કાર્યકારી રજિસ્ટ્રાર તરીકે બીજી કોઈ અધિકારીની નિમણૂંક કરવામાં ન આવે ત્યાં સુધી યુનિવર્સિટીનું કામકાજ ઠપ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં ૧૦ વર્ષ પહેલા કાયમી રજિસ્ટ્રારની નિવૃત્તિ બાદ આજદિન સુધી કાયમી રજિસ્ટ્રારની નિમણૂંક કરવામાં આવી નથી. કાયમી રજિસ્ટ્રારની જગ્યાએ કામચલાઉ રજિસ્ટ્રારની નિમણૂંક કરીને યુનિવર્સિટીનું કામકાજ ચલાવા આવી રહ્યું છે ત્યારે હવે જોવાનું એ રહેશે. ગુજરાત યુનિવર્સિટીને ૧૦ વર્ષ બાદ કાયમી રજિસ્ટ્રાર મળે છે કે પછી ફરી એકવાર રજિસ્ટ્રારનો ચાર્જ કાર્ય કાર્યકારી અધિકારીને સોંપી દેવાય છે.

## ઠેર ઠેર પ્રાર્થનાઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર્જન્ય યજ્ઞ, દુવા-બંદગી, પ્રાર્થના જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ખેડૂતો ખેતર ખેડીને બેઠા છે અને દિવસ-રાત આકાશ તરફ જોઈ રહ્યા છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડતા આશા બંધાઈ છે પરંતુ તે ક્યારે પૂર્ણ થશે તે હવામાન ખાતુ પણ ચોક્કસપણે કહી શકતુ નથી. મેઘરાજાના રૂસણાના કારણે દેશભરમાં ભયંકર દુષ્કાળનો ભય ફેલાયો છે. દુષ્કાળની પરિસ્થિતિ વધુ ઘેરી ન બને તે માટે સાર્વત્રિક વરસાદની આવશ્યકતા છે. વળી ચોમાસુ વિલંબમાં પડતાં શાકભાજી સહિતની ચીજવસ્તુઓના ભાવો દિવસે દિવસે વધતા જાય છે. મોંઘવારી વધુ કારમી બને તે પહેલા વરસાદનું ભરપુર વરસવુ હવે અતિ આવશ્યક બની ગયું છે. છેલ્લા પાંચ મહિનાથી આકરી ગરમીનો અનુભવ કરી રહેલા વસાહતીઓ હવે જોરદાર વરસાદની આશા રાખી રહ્યા છે.

## મહાકાવ્ય એટલે..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માનવીઓમાં સ્વભાવનું વૈવિધ્ય હોય છે જેથી અથડામણ નિશ્ચિત હોય છે. આ અથડામણનું નિદાન ઋગ્વેદે કર્યું છે. તેમણે સજજન પાંડવો અને દુર્જન કૌરવોને અનુલક્ષી બે વૃક્ષોનું દ્દષ્ટાંત આપી ભદ્રતા અને દુરિતા બે રૂપકો દ્વારા હાલની સ્થિતિ સમજાવવા પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે યુદ્ધમાં થયેલો વિજય કયારેય મધુર હોતો નથી. ગાંધીજીના મતે ભગવાન કૃષ્ણ સાક્ષાત અહીંસાના પુજારી હતા. ગીતામાં લડાઈનું દ્દષ્ટાંત મને નિશેષ લાગે છે. કૃષ્ણ, ગાંધીજી અને આઈન્સ્ટાઈનને લઈ દ્દષ્ટાંતો રજુ કર્યા હતાં.

તેમણે જણાવ્યું હતું કે જયાં સુધી સત્યની વાત છે ત્યાં કૃષ્ણની ફીલસુફી આઈન્સ્ટાઈનના સિધ્ધાંતો પર અવલંબે છે. જયારે ગાંધીજી પણ આ બાબતે સહમતી દાખવે છે. આ તબક્કે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા એ જણાવ્યું હતું કે સ્કૂલ ઓફ ડાન્સ અને ડ્રોઈંગના પ્રારંભ બાદ જીવનની પાઠશાળા જરુરી છે. જીવન ચક્રવ્યુહની પ્રક્રિયામાં મોટપ અને ઉણપ દેખાય છે. અભાવ અને પ્રભાવમાં બદલાયેલા આપણે સ્વભાવથી છુટી ગયા છીએ. સંવેદના વિસરાઈ ગઈ છે. ત્યારે મનને માંજવા વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના મંત્રી અને જાણીતા સાહિત્યકાર પ્રકાશ લાલાએ ગુણવંતભાઈ શાહનો ચિંતન પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન હિરેન ભટ્ટે કર્યું હતું.

## હવે બજારમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટા પાયે મધુરનું વિતરણ વેચાણ કરી શકે તે માટે ત્યાં શરૂ કરવામાં આવનાર છે. સાથે-સાથે ગાંધીનગર જિલ્લાના પશુપાલકો પોતાના કોઈપણ પ્રસંગને સારી રીતે ઉજવી શકે એના માટે મધુર પાર્ટી પ્લોટનું પણ ત્યાં આયોજન કરેલ છે. ઉપરોક્ત તમામ બાબતોને સુધારા સ્વરૂપે ધ્યાને લઈએ તો પાટનગરની આ મધુર ડેરી આજે પણ દૂધના જથ્થાની રીતે નાની હોવા છતાં ગુણવત્તા અને વેપારમાં દિવસે-દિવસે મોટી થતી જાય છે. બદલાયેલા વહીવટીય માળખાને લીધે તેમાં કરવામાં આવતા સુધારા-વધારાના ઘણા એવા દાખલાઓ છે કે, જેના લીધે અન્ય જિલ્લા સંઘોના વહીવટીય માળખા સાથે મધુર ડેરીના વહીવટીય માળખાને ખુબ સારી રીતે સરખાવી શકાય, સમજાવી શકાય. મધુર ડેરી આજે ગાંધીનગર શહેરનને ગુણવત્તાવાળું ૧ લાખ લીટર દૂધ પુરૂ પાડે છે. આ સિવાય દૂધ અને દૂધની અન્ય વસ્તુઓ પણ બજારમાં ખૂબ સારી ચાલે છે.

## જીપીએસસી પ્રિલીમનરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ વર્ષ ૨૦૦૬માં જીપીએસસીની પરીક્ષાઓ યોજાઈ હતી. ત્યારબાદ લાંબા સમયે આ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે વર્ગ-૧ અને વર્ગ-૨ ની ૩૫૧ બેઠકો માટે આ પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં ત્રણ પેપર રહેશે. જેમાં તા. ૧૨મી ઓક્ટોબરે પહેલુ પેપર સવારે ૧૦ થી ૧૧.૩૦ ત્યારબાદ બીજુ પેપર બપોરે ૧૨.૩૦ થી ૨ વાગ્યા સુધી અને ત્રીજુ પેપર બપોરે ૩ થી ૫ વાગ્યા દરમ્યાન યોજાશે. આ વર્ષે આ પરીક્ષામાં નવા વિષયોને પણ આવરી લેવામાં આવ્યા છે. આ વિષયોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓને આવરી લેવાઈ છે. આ ઉપરાંત રાજ્ય સરકારની વિવિધ નીતિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ડીઝાસ્ટર મેનેજમેન્ટ તેમજ વન અને પર્યાવરણ જેવા મુદ્દાઓ પણ ઉમેરવામાં આવ્યા છે.

આ પરીક્ષામાં ત્રણ પેપર રહેશે જેમાં એક ગુજરાતી અને અંગ્રેજી વિષયનું પેપર હશે. જેના કુલ ગુણ ૧૫૦ રહેશે. બીજુ પેપર ૧૫૦ ગુણનું ગણિત અને રીઝનીંગ વિષયને આવરી લેશે. જયારે ત્રીજુ પેપર ૨૦૦ ગુણનું રહેશે. જે સામાન્ય અભ્યાસના વિષયનું રહેશે. આ પરીક્ષામાં બદલાયેલા અભ્યાસક્રમ અંગે અગાઉ કોઈ મટીરીયલન્સ ઉપલબ્ધ નહોતુ પરંતુ હવે ઘણા પ્રકાશકોએ આ અંગેના પુસ્તકો પ્રકાશિત કર્યા છે જેની માંગ ખૂબ જ ઉભી થઈ છે. અને પરીક્ષાર્થીઓ દ્વારા તેને ખરીદવા ધસારો કરાઈ રહ્યો છે. પ્રકાશકો દ્વારા માંગ મુજબ વિવિધ પુસ્તકો બજારમાં મુકી રહ્યા છે અને બજારમાં માંગને કારણે આ પુસ્તકો અને વર્તમાન પ્રવાહોને લગતા મેંગેઝીનોમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો નોંધાયો છે. જે પુસ્તક રૂપિયા ૬૦માં અગાઉ મળતુ હતુ તે હવે ૭૫માં મળી રહ્યું છે.

પ્રકાશકોએ આ પુસ્તકોની માંગ જોતા વિક્રેતાઓનું પણ નાક દબાવ્યું છે અને અગાઉ પ્રકાશકો વિક્રેતાઓને ૫૦ ટકા સુધીનું માર્જીન આપતા હતા તે હવે માત્ર ૨૫ થી ૩૦ ટકા સુધી જ સિમિત કરી દીધુ છે પરંતુ પુસ્તકોની માંગના કારણે વિક્રેતાઓને ઓછા માર્જીન સાથે પણ વેપાર જતો કરવો પોસાય તેમ ન હોવાથી ખરીદી કરી રહ્યા છે.

## ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાંભળે છે પણ અમલ કરવાનો થાય ત્યારે તેમની શક્તિ વાપરે છે....

આમ પણ શક્તિસિંહ સંસદીય બાબતોના જેટલા જાણકાર છે તેટલા શંકરસિંહ તો નથી જ...! મિડીયાને મેઈલમાં પ્રેસ યાદી આપવાની હોય તો એક યાદી વિરોધપક્ષના કાર્યાલયમાંથી સીએલપી લિડરના નામે આવે છે અને બીજી યાદી શક્તિસિંહ ગોહિલના પર્સનલ એકાઉન્ટ આઈડીમાંથી આવે છે. શક્તિસિંહને અબડાસા બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડાવી ત્યારે એવું હતું કે શંકરસિંહ વાઘેલા લોકસભામાં જશે અને પદ ખાલી પડશે ત્યારે શક્તિસિંહ વિપક્ષના નેતા બનશે, પણ પરિણામ આવતાં બન્ને નેતાઓ ચક્કર ખાઈ ગયા. એક નેતા પદ છોડવા માગતા નથી અને બીજા નેતાની નજર આ પદ ઉપર છે, ઉકેલ હાઈકમાન્ડ પાસે છે...!!

**કેન્દ્રીય પ્રધાનોનું ગુજરાત આક્રમણ...**

કેન્દ્રમાં મોદી સરકારમાં પ્રધાન બનેલા સભ્યોને અચાનક ગુજરાત પ્રેમ ઉભરાઈ આવ્યો છે. એક પછી એક પ્રધાન ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. મોદીએ ૧૩ વર્ષ સુધી ગુજરાતમાં શું કર્યુ છે તે જોવાની પ્રત્યેક પ્રધાનને તાલાવેલી છે. કેન્દ્રીય ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓ પણ અહીં આવીને વખાણ કરી રહ્યાં છે. હમણાં જ એક કેન્દ્રીય સચિવ ગુજરાતની મુલાકાત લઈ ગયા છે તેમણે ગુજરાતના અદ્યતન હાઈ-ફાઈ ગામ પુંસરીની સફર કરી એવું જાહેર કર્યુ કે ભારતના પ્રત્યેક જિલ્લામાં આવું એક ગામ મોડલ તરીકે વિકસાવવામાં આવશે...

રવિવારે પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી અને વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ બ્રાઝીલની ટૂર ઉપર હોવાથી બાકીના મોટાભાગના તમામ કેન્દ્રીય પ્રધાનો અમદાવાદ આવ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી સહિત મોદીની આખી કેબિનેટના સભ્યોએ ભાજપના નવનિયુક્ત રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના પુત્ર જય ની રીંગ સેરેમનીમાં હાજરી આપી હતી. એક તરફ કેન્દ્રીય પ્રધાનો વિકાસના કામો જોવા આવે છે અને બીજી તરફ એક શુભ પ્રસંગમાં યુનિયન મિનિસ્ટર્સ હાજરી આપે છે. સાચે જ હવે એવું લાગે છે કે નવી દિલ્હીમાં ગુજરાત અને ગાંધીનગરનું વજન વધી ગયું છે. આ સંજોગોમાં ગુજરાતના કેન્દ્ર સાથેના સંપૂર્ણ પડતર પ્રશ્નો ઉકેલાઈ જાય તેવી ખેવના રાખવી અસ્થાને તો નથી જ..!!

**હજી વધુ ઓફિસરો દિલ્હીની વાટે...**

ગુજરાતના સિનિયર ઓફિસરો કે જેઓ મોદીની સાથે ચાલવાની ઝડપ ધરાવે છે તેમને દિલ્હી જવાના ચાન્સ વધારે છે. હાલ પીએમઓમાં ગુજરાતના ઓફિસરોનો દબદબો છે. છેલ્લા આંકડા પ્રમાણે ૧૨ થી વધુ ઓફિસરો પીએમઓમાં સેટ થઈ ચૂક્યા છે અને બીજા ઓફિસરો ડેપ્યુટેશન ઉપર દિલ્હી જઈ રહ્યાં છે. ગુજરાત કેડરના આઈએએસ અધિકારી એ. કે. દાસનું પોસ્ટીંગ ઈન્ટરસ્ટેટ કાઉન્સિલના સેક્રેટરી થયું છે. હવે લાઈનમાં અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર મહાપાત્ર અને જીએસપીસીના એમડી તપન રે છે. આ બન્ને ઓફિસરો ડેપ્યુટેશન ઉપર જઈ રહ્યાં છે..

ગુજરાત એડમિનિસ્ટ્રેશન સર્વિસના બીજા કેટલાક ઓફિસરોનું પોસ્ટીંગ દિલ્હીમાં થવાની શકયતા છે. એ ઉપરાંત કેટલાક પોલીસના ઉચ્ચ અધિકારીઓ દિલ્હી કોલની રાહ જોઈને બેઠાં છે. જો કે ડેપ્યુટેશન પૂર્ણ થતાં કેટલાક ઓફિસરો ગુજરાત પાછા પણ આવી રહ્યાં છે. આમ છતાં ગુજરાતના વહીવટી તંત્રમાં આજે સિનિયર ઓફિસરોની ખોટ વર્તાઈ રહી છે. દિલ્હીમાં સેન્ટ્રલ આઈબી અને સીબીઆઈમાં પણ નવા પોસ્ટીંગની શક્યતાઓ જોતાં આઈપીએસ અધિકારી રાકેશ અસ્થાના સીબીઆઈના એડિશનલ ડાયરેક્ટર તરીકે જઈ રહ્યાં છે. દિલ્હીના સૂત્રો જણાવે છે કે મહત્વના કહી શકાય તેવા આ ફેરફારો ટૂંક સમયમાં થશે..

**રાજયના ૨૪ લાખ આવાસ બંધ હાલતમાં...**

ગુજરાતમાં એક તરફ નવા આવાસો બનાવવામાં આવી રહ્યાં છે. શહેરોમાં અને હવે તો ગામડાની ભાગોળે નવી નવી સ્કીમો મૂકીને બિલ્ડરોએ આવાસોની સંખ્યાબંધ સ્કીમો શરૂ કરી છે પરંતુ હકીકત જાણીને નવાઈ લાગશે કે આખા રાજયમાં એવા ૨૪ લાખ આવાસો છે કે જેમાં કોઈ માનવ વસવાટ નથી. ગુજરાતની ભારત સાથે સરખામણી કરીએ તો આ ટકાવારી ૯.૭૪ છે. આખા દેશમાં ખાલી મકાનોની સંખ્યા ૨.૪૬ કરોડ છે. આ આવાસો ખાલી પડ્યા છે. કોઈની માલિકીના તો છે પણ વેચાયા નથી અથવા તો ભાડે પણ અપાયા નથી. સરકારી આંકડા પ્રમાણે રાજયભરમાં ૧.૭૫ કરોડ આવાસો છે જેમાં ૯૨.૯૩ લાખ ગામડામાં અને ૮૨.૩૦ લાખ શહેરોમાં આવાસ શહેરોમાં આવેલા છે...

વસતી ગણતરી યુનિટ દ્વારા કરવામાં આવેલી મોજણી પ્રમાણે ગુજરાતમાં પરિવારોની સંખ્યા ૧.૨૧ લાખ થવા જાય છે જેની સરખામણીએ આવાસોની સંખ્યા વધારે છે. બીજી તરફ આખા ભારતમાં કુલ ૨૪.૬૬ કરોડ પરિવારો રહે છે. આજે પણ ભારત દેશમાં સૌથી વધુ પરિવારો ગામડામાં વસે છે તેથી ભારત એ ગામડાનો બનેલો દેશ છે તે ઉક્તિ યથાવત રહી છે. આશ્ચર્યની બાબત એવી સામે આવી છે કે ગુજરાતમાં મંદિર, મસ્જીદ અને ચર્ચ સહિતના ધાર્મિક સ્થળોની સંખ્યા ૧.૮૧ લાખ જેટલી થવા જાય છે, જેની સરખામણીએ આખા ભારતમાં ધાર્મિક સ્થાનનો આંકડો ૩૦.૧૩ લાખે પહોંચ્યો છે...

**બાઇક્ના શોખ ૨૦૦૧ પછી વધી ગયા...**

ગુજરાતમાં આજે પણ મધ્યમવર્ગની સફર બાઈક અથવા તો દ્વિચક્રી વાહન છે. હવે તો માર્કેટમાં ગિયરવાળા અને ગિયરલેસ બાઈકો ધૂમ મચાવે છે. જાણીને નવાઈ લાગશે કે ગુજરાતની સ્થાપના પછીના એક વર્ષ ૧૯૬૧માં બાઈકો અને સ્કૂટરની સંખ્યા આખા રાજયમાં માત્ર ૮૧૩૨ની હતી. ૨.૦૬ કરોડની વસતીમાં પ્રતિ એક લાખની વસતીએ દ્વિચક્રી વાહનની સંખ્યા માત્ર ૩૯ હતી. કેટલો સુવર્ણ યુગ હતો. માર્ગો ઉપર ટ્રાફિકની કોઈ ઝંઝટ નહીં, પેટ્રોલ એ સમયે ખૂબ સસ્તું હતુ અને પેટ્રોલપંપ ઉપર લાઈન તો લાગતી ન હતી, પણ કલાકો ના કલાકો સુધી પેટ્રોલપંપ ઉપર વાહન ફરકતું ન હતું. આજે એવા દિવસો જોવા મળતા નથી...

બરાબર ૧૦ વર્ષ પછી દ્વિચક્રી વાહનોની સંખ્યા ૫૦,૦૦૦ સુધી પહોંચી ગઈ અને ૧૯૮૧માં તો ૨.૮૧ લાખ વાહનો સડકો ઉપર ફરવા લાગ્યા હતા. દસકામાં દ્વિચક્રી વાહનોની સંખ્યામાં અનેકગણો વધારો થતો ગયો છે. ૨૦૦૧માં પાંચ કરોડની વસતીમાં ૩૯.૬૪ લાખ દ્વિચક્રી વાહનોની લાઈન લાગવા માંડી હતી. ૨૦૧૨ પછી બાઈક ઉત્પાદકો વચ્ચેની તીવ્ર સ્પર્ધાના કારણે ગુજરાતના માર્કેટમાં બાઈકોનો ઢગલો થવા માંડ્યો. પેટ્રોલના દામ જેમ વધતા ગયા તેમ વધારે એવરેજ આપવી બાઈકો લોકો પસંદ કરવા લાગ્યા પરિણામે ૨૦૧૩માં દ્વિચક્રી વાહનોની સંખ્યા જે ૧.૧૫ કરોડ હતી તે વધીને ૨૦૧૪માં અત્યાર સુધીમાં ૧.૨૫ કરોડ સુધી પહોંચી ગઈ છે.

**ટેલીફોનની પડતી ; ૨૬ લાખ થી ૧૫ લાખ...**

ગુજરાતમાં ટેલીફોનની પડતી શરૂ થવાનો પ્રારંભ ૨૦૦૭ પછી શરૂ થયો છે. ટેલીફોન જોડાણો ઘટવાનું મુખ્ય કારણ મોબાઈલ છે. રાજયમાં આજે છ કરોડની વસતીમાં ચાર કરોડ કરતાં વધુ મોબાઈલ ફોન છે જેની સામે ટેલીફોન જોડાણની સંખ્યા માત્ર ૧૫.૬૦ લાખ છે. લોકો ઘર અને ઓફિસમાં સરકારી કંપનીના લેન્ડલાઈન ફોન બંધ કરાવતા ગયા છે. ઓફિસોમાં લેન્ડલાઈન છે પરંતુ તેમાં પ્રાઈવેટ કંપનીઓએ પગપેસારો કરી દીધો છે અને જૂનવાણી પદ્ધતિથી ચાલતા બીએસએનએલની પડતી શરૂ થઈ છે. જો કે આજેપણ બ્રોડબેન્ડના આગ્રહી લોકો બીએસએનએલના ટેલીફોન જોડાણો ઈચ્છી રહ્યાં છે તેથી સરકારી કંપનીની આબરૂ બચી શકી છે...



૧૯૮૧માં ઘરમાં ટેલીફોન એ સ્ટેટસ ગણાતું હતું. એ સમયે ગુજરાતમાં ટેલીફોન ધારકોની સંખ્યા માત્ર ૧.૯૮ લાખ હતી. તે પછી ટેલીફોનનું સ્ટેટસ વધતું ગયુ જે ૨૦૦૬માં વિક્રમસર્જક સપાટીએ પહોંચ્યું હતું. સરકારી ચોપડે નોંધાયું છે કે ૨૦૦૬માં ટેલીફોન જોડાણોની સંખ્યા ૨૬.૫૫ લાખ હતી જે ૨૦૦૭ પછી મોબાઈલના ધમાકેદાર આગમન સાથે સતત ઘટતા ગયા છે. ૨૦૧૨માં રાજયમાં ૧૮.૩૦ લાખ ટેલીફોન ગ્રાહકો હતા તે ૨૦૧૩માં ઘટીને ૧૬.૮૫ લાખ અને ૨૦૧૪માં પ્રથમ છ મહિનામાં ઘટીને ૧૫.૬૦ લાખ રહી ગયા છે. પ્રતિવર્ષ બે લાખ સુધીનો ઘટાડો થઈ રહ્યો છે...

**હોટ મોસમમાં એગ્રીકલ્ચર ઠંડુગાર...**

ગુજરાતમાં હજી પણ ઉનાળાના દિવસો ચાલી રહ્યાં હોય તેમ લાગે છે કારણ કે ગરમી યથાવત છે. ક્યાંક છાંટા તો ક્યાંક ધોધમાર વરસાદ પડે છે. કૃષિ નિષ્ણાંતો કહે છે કે ૧૫મી જુલાઈ પછી ગુજરાતમાં સારો વરસાદ થાય તો પણ ખેડૂતોએ તેમની પાકની પેટર્ન બદલવી પડશે. મગફળી અને કપાસ જેવા લાંબા સમયે પાકતા પાકોની જગ્યાએ ખેડૂતોએ ઓછા સમયમાં પાકતા પાકોને પ્રાધાન્ય આપવું પડશે. રાજયના કૃષિ વિભાગને કળ વળી નથી. ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અપાતું નથી. હોટ મોસમમાં એગ્રીકલ્ચર ઠંડુ છે....

રહી વાત ગૃહિણીઓની તો, શાકભાજીના ભાવો સામે જોવાની જરૂર નથી કેમ કે લીલા શાકભાજી ક્યાં તો આયાત કરવા પડશે અથવા તો મોંઘાદાટ ખાવાનો વારો આવશે. રાજયમાં આ સિઝનમાં ૨.૨૬ લાખ હેક્ટરમાં શાકભાજીનું વાવેતર થતું હોય છે પણ વરસાદ ખેંચાઈ જતાં માત્ર ૨૬,૮૦૦ હેક્ટરમાં શાકભાજીનું વાવેતર થયું છે. એટલે કે માત્ર ૧૨ ટકા વિસ્તારમાં શાકભાજી વાવ્યા છે. આ સંજોગોમાં બે રૂપિયાનું એક બટાકુ અને પાંચ રૂપિયાનું એક ટામેટું મળે તો તમારી જાતને નસીબદાર સમજવી. કપરી પરિસ્થિતિમાં જેમની પાસે રહેવા માટે બંગલો છે અને આજુબાજુ ખુલ્લી જમીન છે તેવા પરિવારોએ સોનેરી સલાહ છે કે થોડી મહેનત કરીને કિચન ગાર્ડનિંગ વિકસાવવું જોઈએ, કે જેથી મોંઘાદાટ શાકભાજી ખરીદવા ન પડે. ઘરઆંગણે ટામેટા, મેથી, પાલક, મરચા, કોથમરી, રીંગણ, ભીંડા અને વેલાવાળા શાકભાજી થઈ શકે છે...

## શબ્દાવલી - ૫૪૪૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | ૫ |
| ૬ | | ■ | ■ | ■ | ૭ | | |
| | ■ | ૮ | ૯ | ૧૦ | ■ | ■ | ■ |
| ૧૧ | ૧૨ | | | ■ | | ૧૩ | ૧૪ |
| ૧૫ | | ■ | | ■ | ૧૬ | | |
| ૧૭ | | ■ | ■ | ૧૮ | | | ■ |
| | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ |
| ■ | ૨૩ | | | | ૨૪ | | |

### આડી ચાવી

૧. મોળી સળી (૪)
૩. સીમા, હદ (૩)
૬. પ્રવાહી, લીકવીડ (૨)
૭. બોલાચાલી, નાનો ઝગડો(૩)
૮. વગડો, નિર્જન (૩)
૧૧. ટળવળાવવું, ઝુરાવવું (૫)
૧૩. સફેદો કે બેલતેલની લુગદી (૨)
૧૫. પત્યુ જેવો ઉદ્‌ગાર (૨)
૧૬. થપાટ, લાફો (૩)
૧૭. હૃદય, છાતી (૨)
૧૮. ખેતરમાં.... નંખાય તો પાક સારો થાય (૩)
૧૯. કુંભારની ભઠ્ઠી (૩)
૨૧. ઓરી આવે તો તને... કહું ખાનગી તું ગરમ... (૨)
૨૩. સાથી, પ્રિતમ (૩)
૨૪. વગર કારણે, ખાલીપીલી(૩)

### ઊભી ચાવી

૧. સરકારી વિશ્રામગૃહ (૭)
૨. ઠોકર (૨)
૩. બેઠક, બેસવાની જગ્યા(૨)
૪. મહિનો, માહ (૨)
૫. બાલટી (૨)
૮. સમય, ટાઇમ (૨)
૯. લંકેશ, એકદમ નકોર (૨)
૧૦. તાજુ, એકદમ નકોર (૨)
૧૨. ટશિયો, સેર (૩)
૧૩. પરવાહ વગરનું (૫)
૧૪. ચપોચપ, માપોમાપ (૨)
૧૬. જાતિ, ફળ (૨)
૧૮. ... ખોદે તે પડે (કહેવત)(૨)
૧૯. પોતાના માટે (૨)
૨૦. સોળે શાન વીસે... (૨)
૨૨. લાગ, મોકો (૨)

### શબ્દાવલી ૫૪૪૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) છાનગપતીયા (૫) રામકથા (૭) ખાનદાન (૧૦) નુક્કડ (૧૧) જાનદાર (૧૩) રમખાણ (૧૪) રબ (૧૭) લોંજી (૧૯) સમજૂતિ (૨૨) જીગરજાન (૨૩) ખાલી

**ઊભી ચાવી :-** (૧) છાપખાનુ (૨) તીરા (૩) યામ (૪) વ્યથા (૬) કલદાર (૮) નક્કર (૯) દાડમડી (૧૧) જાણ (૧૨) રબર (૧૫) કલોંજી (૧૬) તાજૂ (૧૮) ઠગ (૧૯) સજા (૨૦) મન (૨૧) તિખા